# BUSINESS મિત્ર

# ઉછાળે વેચવાલી: સેન્સેક્સ ઉપલા સ્તરેથી 1200 પોઇન્ટ તૂટ્યો

**ક્રૂડ** ઓઇલ $110 પાર અને ગ્લોબલ તણાવ વચ્ચે ભારતીય શેરબજારમાં ગેપ-અપ ઓપનિંગ બાદ બ્રોડર માર્કેટમાં ભારે કડાકો



| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -143.21 | 73709.69 |
| નિફ્ટી | -77.60 | 22811.35 |
| બેન્ક નિફ્ટી | -511.20 | 54976.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 3.30 | 1168.00 |
| એચસીએલ ટેક્નો | 3.21 | 1424.20 |
| ટેક મહિન્દ્રા | 3.13 | 1834.70 |
| ટીસીએસ | 2.77 | 2529.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.87 | 10849.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 3.27 | 926.00 |
| ઇટર્નલ | 2.45 | 312.35 |
| આઇશર મોટર | 2.43 | 7170.50 |
| અદાણી એન્ટર | 2.37 | 2594.50 |
| ભારત ઇલે. | 1.59 | 371.20 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 3.40 | 1423.85 |
| ઇન્ફોસીસ | 3.31 | 1167.40 |
| ટેક મહિન્દ્રા | 3.21 | 1835.00 |
| ટીસીએસ | 2.68 | 2527.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.80 | 10811.15 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 3.33 | 925.10 |
| ઇટર્નલ | 2.71 | 311.75 |
| ટ્રેન્ટ | 2.32 | 2819.00 |
| એક્સીસ બેન્ક | 2.11 | 1210.80 |
| એનટીપીસી | 1.99 | 302.85 |

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 19:** ભારતીય શેરબજારમાં આજે શરૂઆત તેજી સાથે થઇ હતી. ગિફ્ટ નિફ્ટીમાં મજબૂતાઇના પગલે આજે ભારતીય શેરબજાર ગેપ અપ ઓપનીંગ થયું હતું, પરંતુ આ મજબૂત ઓપનીંગ દરેક ઉછાળે નફાવસુલીના દબાણમાં ઘસાતું રહ્યું હતું અને બપોર સુધીમાં સેન્સેક્સ ઉપલા સ્તરેથી 1200 પોઇન્ટ તૂટી ગયો હતો. આજે બ્રોડર માર્કેટમાં પણ ભારે વેચવાલીએ કડાકો બોલાયો હતો. એક બાજું રિલાયન્સ અને આઇસીઆઇસીઆઇ બેન્ક બજારને સંભાળવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ ઓટો અને બેન્કીગ સેકટરમાં ભારે વેચવાલી ચાલી રહી હતી.

આંતરરાષ્ટ્રીય સ્તરે મીડલ ઇસ્ટના તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટસમાં સૈન્ય અશાંતિના કારણે ક્રુડ ઓઇલના ભાવ 110 ડોલરને પાર કરી ગયા છે, જેના લીધે ભારતના આયાત બિલમાં વધારો થવાની દહેશત સેવાઇ રહી છે. તેની સાથે યુએસ બોન્ડ યીલ્ડમાં પણ વધારો બજારને દબાણ હેઠળ રાખી રહ્યો છે. રોકાણકારોને હજુય સ્થિર માહોલ દેખાઇ રહ્યો નથી, જેના કારણે દરેક ઉછાળે નફાવસુલી કરતા જોવા મળી રહ્યા છે, જેમાં જિયો પ્લેટફોર્મ્સના આઇપીઓની પણ સેકેન્ડરી બજારમાં અસર કરી રહી છે. એફઆઇઆઇની વેચવાલી ચાલુ રહી હતી.

બીએસઇ સેન્સેક્સ 143.21 પોઇન્ટ એટલે કે 0.19 ટકા ઘટીને 73709.69 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74682 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73229 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. આમ, સેન્સેક્સમાં ઉપલા સ્તરેથી નીચલા સ્તર સુધીમાં 1400 પોઇન્ટની વધઘટ જોવા મળી હતી.

નિફ્ટી 77.60 પોઇન્ટ એટલે કે 0.34 ટકા ઘટીને 22811.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23120 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22649 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 511.20 પોઇન્ટ એટલે કે 0.92 ટકા ઘટીને 55000 પોઇન્ટની સપાટી તોડીને 54976.90 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે એલએન્ડ ટી ટેકનોમાં 28.53 ગણા, ક્રેડિટ એક્સેસ ગ્રામીણમાં 19.13 ગણા, સન ફાર્મામાં 3.8 ગણા, ભારતી હેક્ષાકોમમાં 3.73 ગણા, પેજ ઇન્ડ.માં 3.35 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એલ એન્ડ ટી ટેકનોમાં 67.94 ગણા, ફ્રેકટલ એનાલીટીક્સમાં 33.36 ગણા, ઇન્ડિયા સિમેન્ટમાં 32.59 ગણા, પિરામલ ફાઇ.માં 6.58 ગણા અને ચોલામાંડલમ ફાઇ.માં 4.9 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વધુ વેચવાલી હાવી રહી હતી. એનએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.58 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 2.16 ટકા ઘટયો હતો, જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નબળી રહી હતી. એનએસઇ ખાતે 962 શેરો વધ્યા હતા, જ્યારે 3476 શેરો ઘટયા હતા અને 202 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી કન્ઝયુમર ડયુરેબલ ઇન્ડેક્સ 186 ટકા ઘટ્યા હતા. જેમાં ક્રોમ્પ્ટોન ગ્રીવ્સ, ડિકસન ટેકનો, થંગામાઇલ જવેલરી, પીજી ઇલેક્ટ્રોપ્લાસ્ટ, અંબર એન્ટર, હેવેલ્સ ઇન્ડિયા, એલજી ઇલે., વોલ્ટાસ, વ્હલપુર્લ ઇન્ડિયા અને કજારિયા સીરામીક્સ ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન શેરોમાં સુધારો જોવાયો હતો. મજબૂત કોર્પોરેટ કમાણીએ સેન્ટિમેન્ટને ટેકો આપ્યો હોવાથી બે અસ્થિર સેશન પછી સ્થિર થયા હતા. ફ્રાન્સમાં રાજકીય ઉથલપાથલ અને યુએસ તકનીકી કમાણી પહેલા સાવચેતી રહી છે. યુકેના ગ્રાહક ભાવ ફુગાવો ઓગસ્ટમાં 3.1 ટકાથી વધીને સપ્ટેમ્બરમાં 3.5 ટકા થયો છે. મીડલ ઇસ્ટમાં ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચીએ કહ્યું હતું કે, જ્યાં સુધી વોશિંગ્ટન તેહરાનની શરતોનો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ્સ બંધ રહેશે. એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યા હતા. જાપાનની નિકાસ સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે 16.7 ટકા વધી હતી. જે સતત 13માં મહિનાની વૃદ્ધિને ચિહ્નિત કરે છે, પંરતુ તે બજારની અપેક્ષાઓ કરતા ઓછી હતી. યુએસની નિકાસમાં 22.9 ટકાનો વધારો થયો છે, જ્યારે ચીનમાં શિપમેન્ટમાં 8.6 ટકાનો વધારો થયો છે. દરમ્યાન જાપાનની વેપાર ખાધ ઘટીને 536.6 અબજ યેન થઇ ગઇ છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.07 ટકા, કેક 0.68 ટકા અને ડેક્સ 0.80 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.98 ટકા, સ્ટ્રેઇટસ 0.62 ટકા, તાઇવાન 1.27 ટકા, કોસ્પી 3.19 ટકા, જકાર્તા 0.93 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.95 ટકા અને શાંઘાઇ 0.60 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો વધુ મજબૂત થયો

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.46 રૂ. |
| યુરો | 106.13 રૂ. |
| પાઉન્ડ | 125.94 રૂ. |
| યેન | 0.5980 રૂ. |

કરન્સી બજારમાં રૂપિયો વધુ મજબૂત થયો હતો. ડોલરની સામે રૂપિયો 47 પૈસા વધુ મજબૂત થયો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 47 પૈસા ઉછળીને 94.46ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.93ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.13, પાઉન્ડ 125.94, કેનેડિયન ડોલર 67.47, ઓસ્ટ્રેલિયન ડોલર 66.12, જાપાનીઝ યેન 0.ક5981 અને સીંગાપોર ડોલર 73.79ના સ્તરે બંધ રહ્યા હતા.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ,, | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ ,, | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ ,, | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૮૮૦૦ |
| તેજાબી સોનું | ૧૪૮૭૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૧૩૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૫૮૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૮૮૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૧૨૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૧૪૦૦૦ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

## સુડોકુ ૬૬૬૦ 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૨ | | | | ૮ | ૪ |
| | | | ૮ | ૬ | ૩ | | | |
| ૮ | ૨ | ૭ | | | ૧ | | ૬ | ૫ |
| | ૭ | ૩ | ૬ | ૯ | | ૪ | ૧ | ૮ |
| ૪ | ૮ | ૫ | | | | ૬ | | |
| ૧ | | | ૭ | ૮ | ૪ | | ૨ | ૩ |
| ૭ | ૪ | ૨ | ૩ | | ૬ | | | ૯ |
| ૫ | | | | | ૮ | ૭ | | |
| | ૩ | ૮ | | | ૯ | | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## શબ્દગુંફન - ૭૨૭૬

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. ડગુમગુ (૪) ૩. ધારણા, મુરાદા (૪) ૭. આનંદ, લહેર (૨) ૮. દીવાની જ્યોત (૨) ૧૦. મનની ઇચ્છા (૫) ૧૩. ઘોડા-બળદની એક પ્રકાર ચાલ (૩) ૧૪. બાર મહિનાનો સમય (૩) ૧૬. શોધ, ખોળ, તપાસ (૨) ૧૭. છળ, પ્રપંચ (૪) ૧૮. દુકાન, ગુજરી, બજાર (૨) ૧૯. મોટી સંખ્યામાં નાણું (૩) ૨૦. પહાડ, પર્વત (૩) ૨૪. સચોટ (૫) ૨૮. ખેતરમાં ભાતું લઈ જનારી (૪) ૩૦. પવન ૩૧. મજબૂત કે ટકે નહિ એવું (૪)

**ઊભીચાવી**

૧. બદમાશ (૩) ૨. ભેંસ (૨) ૪. સોગન (૩) ૫. શ્વાસ (૨) ૬. એક જાતનું કાપડ (૨) ૯. ખપ, જરૂર (૩) ૧૦. મંદ સ્મિત (૪) ૧૧. વિક્રમ સંવતનો એક મહિનો (૪) ૧૨. હોડી, વહાણ (૨) ૧૫. ખેંચાખેંચી (૪) ૧૬. ઝૂંપડું, ઘર (૩) ૧૮. પરાજય (૨) ૨૧. નાણું (૩) ૨૨. જીવ વિનાનું (૨) ૨૩. કાંસકો (૨) ૨૪. સહેજ (૩) ૨૫. ડોલ (૩) ૨૬. એક વાદ્ય, ડાકલું (૩) ૨૭. માવજત (૩) ૨૯. પવન (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ડા | મા | ડો | ળ | | મ | ક | સ | દ | |
| મી | | બું | | જી | | સ | | મ | જા |
| સ | ગ | | મ | ન | કા | મ | ના | | સૂ |
| | ર | વા | લ | | ર | | વ | ર | સ |
| ખો | જ | | કા | વ | ત | રું | | સા | |
| ર | | હા | ટ | | ક | | ર | ક | મ |
| ડું | ગ | ર | | જ | | દાં | | સી | |
| | ર | | જ | ડ | બા | તો | ડ | | જ |
| ભ | થ | વા | રી | | લ | | મ | રુ | ત |
| | | ત | ક | લા | દી | | રું | | ન |

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### અતિસાર

આમળાના કુમળાં પાન દશથી 15g લઇ, વાટી એક ગ્લાસ છાશ સાથે સવાર, સાંજ લેવું.

## આજનું પંચાંગ

**તા. 22/10/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** સુદ: અગિયારસ: 14:48
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-30 **યોગ :**વૃદ્ધિ
**કરણ:** બવ **નક્ષત્ર :** શતભિષા: 20:49
**રાશી:** કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** પાશાંકુશા એકાદશી - ટેટી, ભરત મીલાપ
**સુરતમાં સૂર્યોદય :** 06:38 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:08
**નવકારસી :** 07:26
**પારસી વર્ષ :** 1396, ખોરદાદ માસનો 09મો રોજ
**મુસલમાન વર્ષ :**1448 જમાદીલ ઊલ અવલ માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે: 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** તમારી મહેનતથી કદરથી નવી જવાબદારી મળે. આર્થિક પ્રગતિની તક ખલે. વિવાદથી અશાંતિ વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** કાર્ય કરવાની બૌધ્ધિક રીત-રસમથી ખાસ કરીને સ્વતંત્ર ધંધામાં મહત્ત્વની તક ઊભી થાય. આવક વધે.

**મિથુન (ક,છ,ઘ,):** સંતાનોના કામમાં પ્રગતિ થાય. અચાનક શુભ સમાચાર મળે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** વડીલોની સલાહથી અટકેલા કામમાં ગતિ આવે. બીન જરૂરી ખર્ચા વધશે. ખાવા-પીવામાં સાવધાન રહેવું.

**સિંહ (મ,ટ,):** પરિવારમાં શુભ પ્રસંગનું આયોજન થાય. ધંધામાં આવક વધે. નવા સોદા પાર પડે. ઘરમાં તાલમેળ વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** સહકર્મીઓનો સાથ મળે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. નોકરીમાં જવાબદારીથી

**તુલા (ર,ત,):** પ્રેમ બાબતે ગેરસમજથી અશાંતિ અવિશ્વાસ પેદા થઇ શકે છે. નવા રોકાણ થાય. સ્વાર્થી મિત્રોથી સાવધાન.

**વૃશ્ચિક (ન,ય,):** પોતાની પ્રતિભાને પ્રગટ કરવાની તક મળે. નવા ફેરફારથી જવાબદારી વધે. ગુપ્ત ભગય સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આત્મવિશ્વાસ રાખવાથી ઇચ્છી કાર્ય પાર પડે. પ્રવાસમાં સાવધાન રહેવું. ભાઇ-બહેનની ચિંતા સતાવે.

**મકર (ખ,જ,):** નવા કામ માટે પરિવારનો સાથ મળે. આવક વધે. ખર્ચા પણ વધશે. વિવાદથી અશાંતિ વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સમાજ-પરિવારની જવાબદારીથી દોડધામ વધશે. વાહન ચલાવતા સાવધાન રહેવું.

**મીન (દ,ચ,ઝ,થ,):** વિરોધીઓથી સાવધાન રહેવું પ્રવાસમાં કોઇની વાતોમાં આવવું નહી. ખર્ચા વધશે.

## કોઇ પણ સાલમાં 22 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર અને ચડતી-પડતી સાથે કામ કરતા રહેવું પડે. સમાજ અને પરિવારની જવાબદારીથી પ્રતિષ્ઠા વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં સામાન્ય રહે. મદદ મળે. કામમાં ટેકનોલોજીનો લાભ મળે. નોકરી-ધંધા-વ્યવસાયમા હરીફો વધે. સંતાનોનો અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. ઉંમર લાયકના વિવાહ થાય. પ્રેમ-વિવાહમાં મદદ મળે. નવા વેપાર-ધંધા માટેની યોજનામા મિત્રો-વડીલોનો સાથ મળે. આવક-વધારવાની યોજનામા ચડતી-પડતી રહે. વારસા, જાયદાત જમીન જેવા કામ ધીમા પડે. વિદેશના કામમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. નવુ શીખવા મળે. સ્ત્રી વર્ગ માટે આરોગ્ય બાબતે સાવધાની રાખવી. નોકરીમા પ્રગતિના ચાન્સ રહેશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જુન-જલાઇમાં રવિ-સોમ-બુધવારે 04,13,22,31 તારીખે નવા કામ કરવા. નીલા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બરમાં શુક્ર, શનિવારે 7,16,25 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ ટાળવો.

# SBIના 3,897 ગ્રાહકોની વિગતો ડાર્ક વેબ પર લીક થવાની શંકા

**બેંકે** તપાસ શરૂ કરી, બેંકિંગ કામગીરી પર કોઇ અસર નહીં

**ડિફેન્સ** સાયબર એજન્સી અને સીઇઆરટી-ઇન તરફથી એલર્ટ મળ્યા બાદ બેંકે સાયબર સિક્યોરિટી એજન્સીની મદદ લીધી

નવી દિલ્હી, તા. 21 (પીટીઆઇ): દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ)ના આશરે 3897 ગ્રાહકોની અંગત માહિતી ડાર્ક વેબ પર વાયરલ થવાની શંકાના આધારે વિસ્તૃત તપાસ શરૂ કરવામાં આવી છે. ડિફેન્સ સાયબર એજન્સી, થ્રેટ ઇન્ટેલિજન્સ સર્વિસ પ્રોવાઇડર, કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ (સીઇઆરટી-ઇન) તરફથી 16 ઓક્ટોબરના રોજ મળેલા એલર્ટ બાદ બેંકે બુધવારે રેગ્યુલેટરી ફાઇલિંગમાં આ માહિતી આપી હતી. ડાર્ક વેબ પર ઉપલબ્ધ આશરે 3.75 લાખ રેકોર્ડ્સના પ્રાથમિક વિશ્લેષણમાં 3897 ગ્રાહકોની અત્યંત સંવેદનશીલ અંગત વિગતો લીક થઇ હોવાનું સામે આવ્યું છે. આ વિગતોમાં ગ્રાહકોના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર, જન્મતારીખ, નામ, જાતિ, ઇમેઇલ આઇડી, સરનામું, શાખાની વિગતો, કસ્ટમર ઇન્ફોર્મેશન ફાઇલ (સીઆઇએફ) આઇડી તેમજ લોન અને લીડ રેકોર્ડ્સ સંબંધિત મેટાડેટાનો સમાવેશ થાય છે. એસબીઆઇ'એ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું કે આ ઘટનાથી ખૂબ જ મર્યાદિત સંખ્યામાં ગ્રાહકો પ્રભાવિત થયા છે.

ગ્રાહકોના નાણાકીય બેલેન્સ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને બેંક તેમના હિતોનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લઇ રહી છે. બેંકે ખાતરી આપી છે કે ગ્રાહકોની નાણાકીય સંપત્તિ, ડેટા અને સુરક્ષા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

બેંકે જણાવ્યું હતું કે આ ડેટાની સત્યતા, લીક થવાનો મુખ્ય સ્ત્રોત અને ગ્રાહકો પર તેની સંભવિત અસર જાણવા માટે સાયબર ઇન્સિડન્ટ રિસ્પોન્સ પ્રોટોકોલ સક્રિય કરવામાં આવ્યો છે. આ માટે સીઇઆરટી-ઇનની પેનલમાના સ્વતંત્ર સાયબર સિક્યોરિટી નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી છે.

'એસબીઆઇ'એ સ્પષ્ટતા કરી છે કે આ ઘટનાથી બેંકની મુખ્ય બેંકિંગ કામગીરી, નાણાકીય કામગીરી કે સેવાઓની નિરંતરતા પર કોઇ અસર પડી નથી અને તમામ સેવાઓ સામાન્ય રીતે ચાલુ છે. બેંક સ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને જરૂરી સુરક્ષાત્મક પગલાં અમલમાં મૂકી રહી છે.

### ઇમુદ્રામાં પ્રાઇવેટ કીઝ લીક: એન્ક્રિપ્ટેડ ડેટા પર તોળાતું જોખમ

ભારત આધારિત સર્ટિફિકેશન ઓથોરિટી ઇમુદ્રા લિમિટેડે તેના પબ્લિક કી ઇન્ફ્રાસ્ટ્રક્ચર (પીકેઆઇ)માં 8 ઇન્ટરમીડિયેટ સીએ સર્ટિફિકેટ્સ (જેમાં 6 ટીએલએસ અને 2 કોડ-સાઇનિંગ સર્ટિફિકેટ્સ સામેલ છે) સાથે જોડાયેલી પ્રાઇવેટ કીઝ લીક થઇ હોવાનું રિપોર્ટ કર્યું છે. અપર્યાપ્ત ક્રિપ્ટોગ્રાફિક રેન્ડમનેસને કારણે સર્જાયેલી આ ખામીનો લાભ લઇ હેકર્સ નકલી વેબસાઇટ બનાવી મેન-ઇન-ધ-મિડલ હુમલા દ્વારા એન્ક્રિપ્ટેડ કમ્યુનિકેશન હેક કરી શકે છે.

### AIની ઘૂસણખોરી: ભારતીય સંસ્થાઓના ગોપનીય ડેટા પર સાયબર ખતરો

સરકારી સાયબર એજન્સી સીઇઆરટી-ઇ્ન દ્વારા ગયા અઠવાડિયે 'એઆઇ એજન્ટ્સ એઝ એટેક વેક્ટર્સ' શીર્ષક હેઠળ એક અત્યંત મહત્વપૂર્ણ એડવાઇઝરી જારી કરવામાં આવી હતી. આ એલર્ટમાં ચેતવણી આપવામાં આવી હતી કે ઓટોનોમસ એઆઇ એજન્ટ્સે અનધિકૃત રીતે ભારતીય સંસ્થાઓના લાઇવ સિસ્ટમ્સ અને ગોપનીય ડેટામાં પહોંચ બનાવી લીધી છે. એઆઇ રિસર્ચ અને ઇવેલ્યુએશન હેઠળ કામ કરતા કેટલાક ઓટોનોમસ એઆઇ મોડેલ્સે તેમની સોંપાયેલી કામગીરીની મર્યાદા બહાર જઇને પબ્લિક કોડ રેપોઝિટરીઝ, ઓપન ક્લાઉડ રોલ્સ અને એપ્લિકેશન કન્ફિગરેશનમાંથી ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરી ભારતીય સંસ્થાઓના પર્સનલ અને બિઝનેસ ડેટા રીડ કર્યા હોવાનું સામે આવ્યું છે.

# સપ્ટેમ્બરમાં કોર સેકટરનો ગ્રોથ 30 મહિનાની ઉંચાઇએ પહોંચ્યો

નવી દિલ્હી, તા. 21: સપ્ટેમ્બર 2026માં ભારતનું કોર સેકટરનું ઉત્પાદન વધીને 7.9 ટકા પહોંચ્યું છે, જે 30 મહિનામાં સૌથી વધુ છે. ઉત્પાદન ક્ષેત્રમાં ઝડપી રીકવરી જોવા મળી છે, તે જ સમયે વીજળી અને રિફાઇનરી ઉત્પાદનોમાં સારો વધારો નોંધાયો છે. એપ્રિલ, 2024 પછી કોર સેકટરની આ સૌથી ઝડપી વૃદ્ધિ છે. ઓગસ્ટમાં આ આંકડો 5.9 ટકાનો હતો, જ્યારે ગત વર્ષે સપ્ટેમ્બરમાં ગ્રોથ માત્ર 3.1 ટકા હતો. કોર સેકટરમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત નવ સેકટરનો સમાવેશ થાય છે. જેમાં કોલસો, વીજળી, સ્ટીલ, સિમેન્ટ, ક્રુડ ઓઇલ, નેચરલ ગેસ, રિફાઇનરી પ્રોડકટસ, ખાતર અને આયર્નનો સમાવેશ થાય છે. આમાંથી છ સેકટરો સપ્ટેમ્બરમાં વધ્યા હતા. જ્યારે નેચરલ ગેસ, ક્રુડ ઓઇલ અને ફર્ટીલાઇઝરનું ઉત્પાદન સતત ઘટતું રહ્યું છે.

સપ્ટેમ્બરમાં કોલસાના ઉત્પાદનમાં 10.7 ટકાનો વધારો થયો હતો. ઓગસ્ટમાં તેમાં 3.8 ટકાનો ઘટાડો થયો હતો, એટલે કે કોલસા ક્ષેત્રે સારી વાપસી કરી છે. નાણાકીય વર્ષની શરૂઆતમાં પણ તેનું પ્રદર્શન નબળું હતું. એપ્રિલ અને મે મહિનામાં કોલસાના ઉત્પાદનમાં ઘટાડો થયો હતો.

પાવર સેક્ટરનો ગ્રોથ પણ મજબૂત રહ્યો છે. સપ્ટેમ્બરમાં વીજ ઉત્પાદનમાં 11.4 ટકાનો વધારો થયો છે. તેણે સતત ચોથા મહિને બે આંકડાની વૃદ્ધિ નોંધાવી હતી. જોકે, ઓગસ્ટમાં આ ગ્રોથ 13.1 ટકા હતો.

રિફાઇનરી ઉત્પાદનોના ઉત્પાદનમાં 10.3 ટકાનો વધારો થયો છે. ઓગસ્ટમાં તેની વૃદ્ધિ દર 5.6 ટકા રહ્યો હતો. આયર્ન ઓરના ઉત્પાદનમાં પણ વેગ આવ્યો.

## એક અઠવાડિયામાં ટામેટાનો ભાવ 65 ટકા ઘટ્યો

નવી દિલ્હી, તા. 21: ટામેટાના ખેડૂતો બેવડો ફટકો સહન કરી રહ્યા છે. ભારતના સૌથી મોટા જથ્થાબંધ ટામેટા બજારોમંના એક પીપળગાવ ખાતે ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. દુષ્કાળની સ્થિતિએ પણ મુશ્કેલીઓ ઉભી કરી છે. વધુ પડતા પુરવઠા અને નબળી માગ વચ્ચે એક અઠવાડિયામાં ભાવ લગભગ 65 ટકા ઘટીને રૂ. 111 પ્રતિ 20 કિલો થઇ ગયા છે. છૂટક મોરચે, સોમવારે નાસિકમાં ટામેટા રૂ. 20 પ્રતિ કિલો વેચાઇ રહ્યા હતા, જે એક અઠવાડિયા પહેલા લગભગ રૂ. 40 પ્રતિ કિલો હતું. આનો અર્થ એ થાય કે સરેરાશ 50 ટકા ઘટાડો થયો છે. જથ્થાબંધ ભાવોની અસર છૂટક બજારમાં પ્રતિબિંબિત થવામાં એક કે બે દિવસનો સમય લાગે છે, જો આ વલણ ચાલુ રહેશે, તો આગામી દિવસોમાં છૂટક ભાવમાં વધુ ઘટાડો થવાની ધારણા છે.

એપીએમસીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, બજાર આવકોથી ભરાઇ ગયું છે.

# ભારત-યુએસ વેપાર $500 બિલિયને પહોંચાડવાનો લક્ષ્યાંક

**આગામી** 3 વર્ષમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરવાનો ટાર્ગેટ; સેમિકન્ડક્ટર, એનર્જી અને સંરક્ષણ ક્ષેત્રે સંબંધો વધુ ગાઢ બનશે

મુંબઈ, તા. 21: અમેરિકા આગામી ત્રણ વર્ષમાં ભારત સાથે દ્વિપક્ષીય વેપારને રેકોર્ડ $240 બિલિયનથી બમણો વધારીને $500 બિલિયનથી વધુ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, એમ ભારતમાં યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે જણાવ્યું હતું કે વોશિંગ્ટન સેમિકન્ડક્ટર અને ઉર્જાથી લઈને સંરક્ષણ અને મહત્વપૂર્ણ ખનિજો સુધીના ક્ષેત્રોમાં નવી દિલ્હી સાથે આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માંગે છે.

મુંબઈમાં ફ્રીડમ 250 રિસેપ્શનમાં બિઝનેસ લીડર્સ અને રાજદ્વારીઓને સંબોધતા ગોરે કહ્યું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને ભાગીદારીમાંથી વાસ્તવિક પરિણામો લાવવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે. "પરિણામો આપો. ફક્ત ભવિષ્ય વિશે વાત ન કરો. તેને સાકાર કરો," ગોરે ટ્રમ્પના કહેવાનો ઉલ્લેખ કર્યો. "તાજેતરની ચર્ચાઓમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વડા પ્રધાન મોદીએ તે પ્રતિબદ્ધતાને ફરીથી પુષ્ટિ આપી," ગોરે કહ્યું. "આજે, આપણો દ્વિપક્ષીય વેપાર રેકોર્ડ તોડી નાખ્યો છે, જે $240 બિલિયનથી વધુ સુધી પહોંચી ગયો છે. અમારું મહત્વાકાંક્ષી લક્ષ્ય છે. અમે આગામી ત્રણ વર્ષમાં તે સંખ્યા $500 બિલિયનથી વધુ સુધી પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ." ગોરે જણાવ્યું હતું કે આર્થિક સહયોગના આગામી તબક્કામાં સેમિકન્ડક્ટર્સ, મહત્વપૂર્ણ ખનિજો, એનર્જી, સંરક્ષણ અને સુપરઇન્ટેલિજન્સ (અત્યંત વિકસિત કૃત્રિમ બુદ્ધિમત્તા) જેવા નિર્ણાયક અને ઉભરતા ક્ષેત્રોનો સમાવેશ થશે. ભાગીદારીના વ્યાપનું વર્ણન કરતાં તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેનો સહયોગ ઊંડા સમુદ્રી માળખાથી લઈને વાણિજ્યિક અવકાશ સંશોધન સુધી વિસ્તર્યો છે.

## ઇટર્નલના પરિણામ જાહેર : ઝોમેટોની પેરેન્ટ કંપનીનો નફો 92 ટકા વધ્યો

નવી દિલ્હી, તા. 21: ઝોમેટો અને બ્લિકીંટની પેરેન્ટ કંપની ઇટર્નલ લિમિટેડે 21 ઓકટોબરના રોજ સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા. કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 92 ટકા વધીને રૂ. 125 કરોડ થયો છે. જોકે, નિષ્ણાતોએ ચોખ્ખો નફો રૂ. 250 કરોડનો અંદાજ લગાવ્યો હતો. ગત વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ રૂ. 65 કરોડનો નફો નોંધાવ્યો હતો. અગાઉના ક્વાર્ટર એટલે કે જુન ક્વાર્ટરમાં નફો 92 કરોડ થયો છે. આમ, અપેક્ષિત કરતા ઓછો નફો જાહેર થતા આજે ઇટર્નલના શેરમાં 3.5 ટકાનો ઘટાડો નોંધાયો હતો. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ઇટર્નલની આવક વાર્ષિક ધોરણે 78 ટકા વધીને રૂ. 24138 કરોડ થઇ છે. જે ગત વર્, રૂ. 13590 કરોડની હતી અને ગત ક્વાર્ટરમાં રૂ. 20211 કરોડની હતી. બીજી તરફ, જેમ કંપનીની આવકમાં વધારો થયો છે, તેની સાથે ખર્ચમાં પણ ઝડપી વધારો થયો છે, જે વાર્ષિક ધોરણે 75 ટકા વધ્યો છે.

## એટી1 બોન્ડ અંગેના ચુકાદા બાદ નોમુરાએ યસ બેન્કનો લક્ષ્યાંક ઘટાડયો

**યસ** બેન્કમાં વેચવાલી ચાલુ રહી, એફઆઇઆઇ હોલ્ડીંગ ઘટાડે તેવી ભીતિ

મુંબઇ, તા. 21: ખાનગી ક્ષેત્રની યસ બેન્કના છેલ્લા પાંચ દિવસથી નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે અને તેના શેરના ભાવમાં 22 ટકાથી વધુનો ઘટાડો થયો છે. આ વલણ આજે પણ ચાલુ રહ્યું હતું. આજે પણ યસ બેન્કના શેરમાં પાંચ ટકાનો ઘટાડો થઇને રૂ. 16.02ના સ્તરે બંધ રહ્યા હતા, જે બાવન વીકની નીચલા સ્તરે સરકયા હતા.

બ્રોકરેજ ફર્મ નોમુરાએ યસ બેન્કના શેર પર તટસ્થ રેટિંગ જાળવી રાખ્યું છે. જોકે, બ્રોકરેજ શેર પર તેની ટાર્ગેટ પ્રાઇસ રૂ. 23થી ઘટાડીને રૂ. 18 કરી દીધી છે. નોમુરાએ કહ્યું કે, યસ બેન્કના રૂ. 8415 કરોડના એટી1 બોન્ડને ફરીથી સ્થાપિત કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયથી બેન્કની નાણાકીય સ્થિતિ પર મોટી અસર પડી શકે છે. આ રકમ નાણાકીય વર્ષ 2026માં યસ બેન્કના ટેક્સ પછીના નફા કરતા 1.8 ગણી છે. આ નિર્ણયથી બેન્કના કોમન ઇક્વિટી ટાયર-1 રેશિયોમાં હાલના 13.7 ટકાથી લગભગ 230 બેસિસ પોઇન્ટનો ઘટાડો થઇ શકે છે.

નોમુરાએ કહ્યું કે યસ બેન્ક સુપ્રીમ કોર્ટના નિર્ણયનો અભ્યાસ કરી રહી છે અને તે સમજવાનો પ્રયાસ કરી રહી છે કે તે બેન્કને કેવી અસર કરી શકે છે. બેન્ક તેના મુડી સ્તરને જાળવવા માટે સંભવિત પગલાં પર પણ વિચાર કરી રહી છે. તે જ સમયે તે પણ સમીક્ષા કરી રહ્યો છે કે શું તેણે તેના એટી1 બોન્ડ પર ભૂતકાળમાં બાકી વ્યાજ ચુકવવાની જરૂર છે.

નાણાકીય વર્ષ 2027ના બીજા ક્વાર્ટરમાં બેન્કના શેરહોલ્ડરોની ઇક્વિટીમાં લગભગ 12 ટકાન ઘટાડો થઇ શકે છે.